# ભાગીદારીમાં માતાપિતાઓ



## ઓન્ટેરિઓની શાળાઓ માટે માતાપિતાના રોકાણની નીતિ

માતાપિતાઓ શિક્ષણમાં આવશ્યક ભાગીદારો છે. તેઓ તેમના બાળકોના ભણતર માટેના વલણને પ્રભાવિત કરે છે,અને ઘરે ભણતરને ટેકો આપે છે. તેઓ શાળા અને ઘર વચ્ચેની આવશ્યક કળી છે. અને જ્યારે તેઓ શાળાના જીવનમાં આવૃત્ત થાય છે, ત્યારે આપણી શાળાઓને શીખવા, વિકસવા અને સમૃદ્ધ થવા માટે વધારે સારા સ્થળો બનાવે છે. ઓન્ટેરિઓની નવી માતાપિતાના રોકાણની નીતિ માને છે કે જ્યારે માતાપિતાઓને ભાગીદારો તરીકે આવકારવામાં અને આદર આપવામાં આવે છે, અને તેમને ઘરે અને શાળામાં યોગદાન આપવા માટે જરૂરી સહારો આપવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીની સિદ્ધિ અને સફળતા વધે છે.

## નીતિ માતાપિતાઓનું રોકાણ કઇ રીતે વર્ણવે છે?

ઓન્ટેરિઓની માતાપિતાના રોકાણની નીતિ માતાપિતાના રોકાણના અનેક રૂપોને,અને એ કે વિદ્યાર્થી અને શાળાની સફળતામાં પ્રત્યેક મહત્વનું યોગદાન આપનાર છે તે સ્વીકારે છે. નીતિમાં, માતાપતિાના રોકાણમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- ઘરમાં ભણતરનું રચનાત્મક વાતાવરણ પ્રદાન કરવાનો, બાળકો સાથે સક્રિય રીતે કામ કરીને શાળામાં જે શીખી રહયા છે તેને આધાર આપવાનો, અને ભણતરને દિવસનો મહત્વનો ભાગ બનાવવવાનો
- શિક્ષકો સાથે ઉત્પાદક વાર્તાલાપ કરવાનો, જેથી શાળા અને ઘર વચ્ચે સ્પષ્ટ વાતચીત હોય
- શાળાની પ્રવૃત્તિઓમાં આવૃત્ત થવાનો અને શાળાના કાર્યક્રમો, પ્રવાસો અને અન્ય પ્રવૃત્તિઓમાં મદદ કરવાની સ્વયંસેવા આપવાનો
- વ્યૂહ આપવા માટે શાળા સ્તરે શાળા સમિતિઓમાં અને શાળા બોર્ડના સ્તરે Parent Involvement Committees (માતાપિતા સહભાગિતા સમિતિઓ)માં ભાગ લેવાનો.

### દૂરદૃષ્ટિ

ઓન્ટેરિઓની શિક્ષણ વ્યવસ્થામાં બધા ભાગીદારો માતાપિતાના રોકાણની રચનાત્મક અસરને સ્વીકારે છે.વિદ્યાર્થીઓને ઊચ્ચ અપેક્ષાઓની સંસ્કૃતિમાં શીખવા માટે આધાર આપવામાં અને પ્રેરિત કરવામાં આવે છે જેમાં માતાપિતાઓઃ

- ને તેમના બાળકોના ભણતર અને વિકાસમાં શાળા સમુદાયના ભાગીદારો તરીકે આવકારવામાં, આદર આપવામાં અને કીમતી ગણવામાં આવે છે;
- ને આવૃત્ત થવાની તકો મળે છે, અને શૈક્ષણિક સમુદાયમાં વિદ્યાર્થી સફળતાને આધાર આપવા માટે પૂરેપૂરા વિસ્તારની પસંદગીઓ પણ મળે છે; ;
- ઘરે અને શાળામાં રચનાત્મક ભણતરના વાતાવરણને આધાર આપવા માટે અન્ય શૈક્ષણિક ભાગીદારો સાથે ચાલુ વાતચીત અને સંવાદ દ્વારા આવૃત્ત છે;
- ને શાળા જીવનમાં ભાગ લેવા માટે જરૂરી માહિતી અને હથિયારો દ્વારા આધાર આપવામાં આવી રહ્યો છે.

Gujarati

## નીતિ માતાપિતાના રોકાણને કઇ રીતે આધાર આપશે અને વધારશે?

માતાપિતાના રોકાણની નીતિ ચાર મુખ્ય સફળતાની વ્યૂહરચનાઓને માને છે જે માતાપિતાઓને ભાગીદારો તરીકે આધાર આપવા માટે રચવામાં આવી છે જેથી તેમની પાસે શિક્ષણના ભાગીદારો સાથે મળીને કામ કરવાની તક, કુશળતાઓ અને હથિયારો હોય અને ઓન્ટેરિઓના વિદ્યાર્થીઓ અને શિક્ષણ વ્યવસ્થાની સફળતાને પૂર્ણપણે યોગદાન આપે.

**વ્યૂહરચના ૧:**
શાળાનું વાતાવરણ – રચનાત્મક, આવકાર આપનારું શાળાનું વાતાવરણ જેમાં માતાપિતાના બધા વ્યૂહો પ્રોત્સાહિત થયા હોય, કીમતી ગણાયા હોય અને સાંભળવામાં આવ્યા હોય તે ઉછેરો અને જાળવી રાખો.

**વ્યૂહરચના ૨:**
અવરોધો દૂર કરવા – કેટલાક માતાપિતાઓને તેમના બાળકોના ભણતરામાં સંપૂર્ણપણે ભાગ લેતા અને આપણા વિદ્યાર્થીઓ અને સમુદાયોની વિવિધતા દર્શાવતા રોકી શકે છે તેવા માતાપિતાના રોકાણ પ્રત્યેના અવરોધોને ઓળખો અને દૂર કરો.

**વ્યૂહરચના ૩:**
માતાપિતાઓ માટે આધારો – માતાપિતાઓને વિદ્યાર્થી ભણતરને આધાર આપવા માટે જે જ્ઞાન, કુશળતાઓ અને હથિયારોની ઘરમાં અને શાળામાં જરૂર છે તે પ્રદાન કરો.

**વ્યૂહરચના ૪:**
માતાપિતાને જાણકારી આપવાની તજવીજ – ઘરમાં ભણવા અને શાળાઓમાં માતાપિતાના રોકાણને સહારો આપવા સંબંધી માહિતી અને વ્યૂહરચનાઓ વહેંચવા માટે વાતચીત અને જાણકારી આપવાની તજવીજની વ્યૂહરચનાઓ જેવી કે સ્થાનિક વર્કશોપ્સ, પ્રદર્શનો, હથિયારો અને સાધનોનું પરીક્ષણ અને ફેલાવો કરવો.

## નીતિના લક્ષ્યોને કઇ રીતે પહોંચશો?

નીતિ Ministry of Education (મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન), શાળાઓ અને District School Boards (ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડો) દ્વારા જે વિશિષ્ટ પ્રક્રિયાઓની જવાબદારી પ્રાન્તિક, પ્રાદેશિક અને સ્થાનિક સ્તરે લેવાવી જોઇએ તે ઓળખી બતાવે છે.

## માતાપિતાના રોકાણથી વિદ્યાર્થીઓ અને માતાપિતાઓ કઇ રીતે લાભ મેળવે છે?

માતાપિતાના રોકાણ વિષેનું સંશોધન અમને જણાવે છે કે માતાપિતાના રોકાણ અને નીચેની બાબતો વચ્ચે સીધો સંબંધ છે:

- સુધરેલી ભણતરની સિદ્ધિ
- શાળા વિષે વધારે રચનાત્મક વલણો
- ગૃહકાર્યમાં વધારે સફળતા
- હાઇ સ્કૂલમાં સ્નાતકતાના વધારે ઊંચા પ્રમાણો
- શાળામાં વધારે સુસંગત હાજરી
- જૂજ વર્તણૂકની સમસ્યઓ
- વિદ્યાર્થીઓ માટે શાળામાં અને ત્યાર પછી જીવનમાં વધારે ઊજળું ભવિષ્ય.

## શિક્ષકો કઇ રીતે લાભ મેળવે છે?

જે શિક્ષકો માતાપિતાઓ સાથે સક્રિયપણે ભાગીદારી કરે છે તેઓ માતાપિતા સાથેના વધારે સારા વહેવારનો આનંદ અને વિશાળ હદના લાભો મેળવે છે :

- માતાપિતાઓ વધારે ટેકારૂપ હોય છે કારણકે વર્ગખંડમાં શું થઇ રહ્યું છે તે તેઓ સમજે છે
- ગૃહકાર્ય અને સોંપવામાં આવેલા કામો થાય તેની ખાતરી કરવામાં માતાપિતાઓ મદદ કરે છે
- વિદ્યાર્થી સફળતા માટેની જવાબદારી માતાપિતાઓ વહેંચે છે અને શિક્ષકની સાથે કામ કરે છે
- માતાપિતાઓનો શિક્ષકો અને શાળા પ્રત્યે વધારે રચનાત્મક મત બંધાય છે
- વિદ્યાર્થીની હાજરી અને વર્ગખંડમાં વર્તન સુધરે છે
- વિદ્યાર્થીની સિદ્ધિ સુધરે છે
- શિક્ષકોનું માતાપિતાઓ સાથે વધુ પ્રબળ જોડાણ થાય છે, માતાપિતાઓનો આધાર મેળવ્યાનું અનુભવે છે અને નોકરીનો વધારે ઊચ્ચ સંતોષ મેળવે છે.

## શાળાઓ કઇ રીતે લાભ મેળવે છે?

શાળાઓ તેમની આસપાસના સમુદાયો સાથે જોડાયેલી છે. સાથે મળીને, માતાપિતાઓ, સમુદાયના સભ્યો અને શાળાઓ બાળકો અને યુવાઓને જે સેવાઓની જરૂર છે તે પ્રદાન કરવા એક શક્તિશાળી આધાર માટેનું એકબીજા સાથે જોડાયેલા જૂથનું નિર્માણ કરી શકે છે, નવા રચનાત્મક શાળા-સમુદાયના કાર્યક્રમો વિકસાવી શકે છે, અને શાળાનું જીવન સમૃદ્ધ બનાવી શકે છે. પરિણામ રૂપે:

- પરિવારો અને સમુદાય સંસ્થાઓ વધારે પૂર્ણપણે શાળાને આધાર આપે છે
- સમગ્ર-શાળા અને વ્યક્તિગત વિદ્યાર્થી સિદ્ધિ અનેક વાર સુધરે છે
- શાળાઓ સમુદાયમાં વ્યવસાયો, કચેરીઓ અને સેવાઓ સાથે જોડાયેલી છે
- શાળાઓ તેમની સિદ્ધિઓ અને તેમના સમુદાય જીવનના મહત્વના ભાગ તરીકેની કમિતી ગણાતી ભૂમિકા માટે વધારે કદર મેળવે છે.

## શિક્ષણ વ્યવસ્થા કઇ રીતે લાભ મેળવે છે?

Ministry of Education (મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન), District School Boards (ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડો) અને શાળાઓ ફક્ત માતાપિતાઓ જે મહત્વનું કામ તેમના બાળકોને શાળામાં સફળ થવા માટે કરે છે તેનાથી જ લાભ નથી મેળવતા, પણ માતાપિતાના અભિપ્રાયો સાંભળવામાં આવે અને પ્રાન્તિક, પ્રાદેશિક અને સ્થાનિક સ્તરો પર નીતિઓ અને કાર્યક્રમો વિકસાવવા માટે ધ્યાનમાં લેવામાં આવે તેમાંથી પણ લાભ મેળવે છે.

## આપણે સૌ લાભ મેળવીએ છીએ

સાથે મળીને, આપણે આપણા બાળકો માટે શક્યતાઓ ઊભી કરી રહ્યા છીએ, અને આ શક્યતાઓને હકીકતમાં ફેરવી રહ્યા છીએ.

વધુ જાણવા માટે: **www.ontario.ca/EDUparents**ની મુલાકાત લો

© Queen's Printer for Ontario, 2010 ISBN 978-1-4435-4775-8 (Print) 978-1-4435-4776-5 (PDF)